# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

## M.A. / M.COM. EXTERNAL/23/ 2018

DATE:- 15-07-18

વર્ષ ૨૦૧૮–૧૯ દરમિયાન એમ.એ. / એમ.કોમ. સેમેસ્ટર–૧–૨ અને ૩–૪ (એક્ષ્ટર્નલ) ની પરીક્ષાના Registration Cum Examination Form હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ www.ngu.ac.in પરથી ડાઉનલોડ કરીને મેળવી ભરવાના રહેશે. ત્યારબાદ યુનિવર્સિટી દ્વારા નિયત કરેલ કોલેજો પૈકી જે કોલેજમાં પરીક્ષા આપવાની હોય તે કોલેજમાં સંપૂર્ણ વિગતો સાથે નિયત ફી તથા જરૂરી ભરેલ ફોર્મ તમામ આધાર પૂરાવા સાથે જમા કરાવવાના રહેશે.

એમ.એ. / એમ.કોમ. સેમેસ્ટર–૧–૨ અને ૩–૪ (એક્ષ્ટર્નલ) અને પરીક્ષા ફોર્મ જમા થયા બાદ પરીક્ષા ફોર્મમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર પરથીજ પરીક્ષા આપવાની રહેશે. કોઈ પણ સંજોગોમાં પરીક્ષા કેન્દ્ર પાછળથી બદલી આપવામાં આવશે નહી. જે પરીક્ષા કેન્દ્રમાં ૨૫ કરતા ઓછી વિદ્યાર્થી સંખ્યા હશે તે કેન્દ્રના વિદ્યાર્થીઓને નજીકનુ કેન્દ્ર ફાળવી આપવામાં આવશે.

તમામ ફોર્મ ભરાઈ ગયા બાદ દરેક સેન્ટરે સેમેસ્ટર વાઈઝ ફોર્મનો ડેટા યુનિવર્સિટીએ નિયત કરેલ Formatમાં પરીક્ષા રીઝલ્ટ સેન્ટરને મોકલી આપવાનો રહેશે.

એમ.એ. / એમ.કોમ. સેમેસ્ટર–૧–૨ (એક્ષ્ટર્નલ) માં વિદ્યાર્થી પ્રવેશને લાયક છે કે કેમ ? તેની ખરાઈ કરી ફોર્મમાં અધિકૃત વ્યકિતના સહી સિકકા કરવાના રહેશે

આ યુનિવર્સિટી સિવાયના વિદ્યાર્થીઓના એક્ષ્ટર્નલ પરીક્ષા ફોર્મ ફાઈનલ એલિજીબીલીટી સર્ટિફિકેટ વગર સ્વીકારવા નહી. અન્ય સુચનાઓ અને માહિતી યુનિવર્સિટી વેબસાઈટ પરથી મળી શકશે.

એમ.એ. / એમ.કોમ. સેમેસ્ટર–૧,૨ અને એમ.એ. / એમ.કોમ. સેમેસ્ટર–૩,૪ (એક્ષ્ટર્નલ) પરીક્ષા ફી અને રજીસ્ટ્રેશન ફી નીચે મુજબ એક સાથે લેવાની રહેશે.

દરેક સેમેસ્ટરના પરીક્ષા ફોર્મ અલગ અલગ ભરવાના રહેશે. યુનિ. ની વેબસાઈટ પર વિષય અને કોર્ડ નંબર દર્શાવેલ છે. કોર્ડ નંબર વગરના પરીક્ષા ફોર્મ રદ કરવામાં આવશે. જેની તમામ કોલેજોએ નોંધ લેવી.

રીપીટર વિદ્યાર્થીઓએ બધા પ્રયત્નની માર્કશીટ પરીક્ષા ફોર્મ સાથે જોડવાની રહેશે.

સેમેસ્ટર–૧ અને ૨ રજીસ્ટ્રેશન ફી રૂા. ૫૦૦/– + પરીક્ષા ફી રૂા. ૩૦૦૦/– કુલ રૂા.૩૫૦૦/–

સેમેસ્ટર–૩ અને ૪ –––––– + પરીક્ષા ફી રૂા. ૩૦૦૦/– કુલ રૂા.૩૦૦૦/–

કોઈ એક જ સેમેસ્ટરની પરીક્ષા આપતા રીપીટર વિદ્યાર્થીઓ પાસેથી સેમેસ્ટર દીઠ રૂા. ૧,૫૦૦/– પરીક્ષા ફી લેવાની રહેશે.

મિતુલ દેલીયા
કા.પરીક્ષા નિયામકશ્રી

પ્રતિ,
એમ.એ. / એમ.કોમ. (એક્ષ્ટર્નલ) સેન્ટરના આચાર્યશ્રી તરફ